ક્રમાંક. ક - ૩/પરચ/૨૦૨૬/૧૦૦૧૭
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અનાવીલ ભવન સામે,કારેલીબાગ,
વડોદરા.
તા.૯/૯/૨૦૨૬

૨/- જાણ તથા અમલવારી કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ તથા નોન ગ્રાન્ટેડ પ્રા.મા. અને ઉ.મા. શાળાઓ,(તમામ)
જિ. વડોદરા.
**નકલ રવાના (જાણ તથા અમલવારી કરવા સારું.)**
- શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી, (તમામ) જિ. વડોદરા

## પોષણ માસ-૨૦૨૬ તા.9/9/26 થી 8/10/26 સુધી ઉજવણી કરવા બાબત

Mon, Sep 7, 5:59 PM (17 hours ago)

**PO Vadodara**

Smt.Savitriben.A.Nathji
PROGRAMME OFFICER
7th FLOOR, ICDS DEPARTMENT,
DISTRICT PANCHAYAT OFFICE,
VADODARA, GUJARAT. 390001

જિ. શિ. અ. કચેરી, વડોદરા.
પત્રની નોંધણી નંબર...8033
8/9/26
કચેરીની સહી....................

8-3
8/9/26

(2)

જા.ન.આઇ.સી.ડી.એસ./એસ.એ/૩૩૩૫૧ ૩૫૪ /૨૦૨૬,
આઇ.સી.ડી.એસ.શાખા,
જિ.પં.કચેરી, વડોદરા,
તારીખ:- ૦૭/૦૯/૨૦૨૬

પ્રતિ શ્રી,
માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, વડોદરા
ડાયરેક્ટરશ્રી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, વડોદરા
મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિ.પં .વડોદરા
જિલ્લા આર.સી.એચ.ઓ. શ્રી, વડોદરા
જિલ્લા આયુષ અધિકારીશ્રી, વડોદરા
જિલ્લા રમતગમત અધિકારીશ્રી, વડોદરા
જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, વડોદરા
જિલ્લા પાણી પુરવઠા અધિકારીશ્રી, વડોદરા
મહિલા અને બાળ આધિકારીશ્રી WCO. વડોદરા,
સંયુક્ત માહિતી નિયામકશ્રી, પ્રદેશિક માહિતી કચેરી,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિ.પં.વડોદરા
જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, જિ.પં.વડોદરા
જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિ.પં.વડોદરા
જિલ્લા વન અને પર્યાવરણ અધિકારી, વડોદરા
જિલ્લા શ્રમ અને રોજગાર અધિકારી, વડોદરા

**વિષય :-** પોષણ અભિયાન અંતર્ગત 'પોષણ માહ-૨૦૨૬' ની **તારીખ ૯ સપ્ટેમ્બર થી ૮ ઓક્ટોબર, ૨૦૨૬** દરમ્યાન ઉજવણી કરવા બાબત.

(૧) માન. કમિશ્નરશ્રી, આઈસીડીએસ, મહિલા અને બાળ વિકાસ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: ICDS/NNM/પોષણ માસ-૨૦૨૬/ઉજવણી/૪૨૨૨૯/૩૪૭/૨૦૨૬, તા. ૦૨/૦૯/૨૦૨૬
(૨) માન. નિયામકશ્રી, પોષણ અભિયાન, મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, ભારત સરકાર, નવી દિલ્હીના પત્ર ક્રમાંક: File No. PA/381/2026-CPMU (E-153413), Dt. 07/08/2026

સંદર્ભિત પત્ર અને સૂચનાઓ અન્વયે જણાવવાનું કે, પોષણ અભિયાન અંતર્ગત સગર્ભા સ્ત્રીઓ, ધાત્રી માતાઓ, કિશોરીઓ અને ૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં પોષણ અને આરોગ્યના પરિણામોને સર્વગ્રાહી રીતે સુધારવાનો ભગીરથ પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. મિશન સક્ષમ આંગણવાડી અને પોષણ ૨.૦ (મિશન પોષણ ૨.૦) અંતર્ગત વ્યક્તિગત અને

સામુદાયિક સ્તરે વર્તણૂકલક્ષી પરિવર્તન (Behavioral Change Communication) લાવવું એ અગત્યનું ધ્યેય છે.

કેન્દ્ર સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા આ વર્ષે "૯ મો રાષ્ટ્રીય પોષણ માહ - ૨૦૨૬" ની ઉજવણી તારીખ ૯ સપ્ટેમ્બર થી ૮ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન સમગ્ર દેશ અને રાજ્યભરમાં "આપણી આંગણવાડી આપણી જવાબદારી" (**Hamari Anganwadi Hamari Jimmedari**) ના મુખ્ય સૂત્ર હેઠળ કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે. આ ઉજવણીનો રાજ્ય/જિલ્લા કક્ષાનો વિધિવત પ્રારંભ વારાણસી (ઉત્તર પ્રદેશ) ખાતે યોજાનાર રાષ્ટ્રીય શુભારંભ સમારોહ પૂર્ણ થયા બાદ બપોરે ૧.૦૦ કલાકેથી કરવાનો રહેશે.

**<u>-:૯ મા રાષ્ટ્રીય પોષણ માહ ૨૦૨૬ ના ૫ (પાંચ) મુખ્ય ઉપ-વિષયો (Sub-Themes) :-</u>**

**<u>મુખ્ય થીમ:</u>** "આપણી આંગણવાડી આપણી જવાબદારી"

- **થીમ ૧:** આહારની વિવિધતા અને પર્યાપ્ત પ્રોટીન (Dietary Diversity & Adequate Protein)
- **થીમ ૨:** આંગણવાડી કેન્દ્રો પર તાજું ગરમ રાંધેલું ભોજન (Fresh Hot Cooked Meals - HCM)
- **થીમ ૩:** સમુદાયિક માલિકીપણું અને જવાબદારી (Community Ownership & Accountability)
- **થીમ ૪:** બાળપણના વિકાસ માટે પોષણ અને પ્રારંભિક ઉત્તેજન (Nutrition & Early Stimulation for ECCE)
- **થીમ ૫:** પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના (PMMVY): માતાના સ્વાસ્થ્ય માટે રોકડ ટ્રાન્સફર (૧૦ વર્ષ પૂર્ણતા ઉજવણી)

**<u>જિલ્લાના તમામ લાઈન ડિપાર્ટમેન્ટ્સ અને સંલગ્ન શાખાઓ માટે ખાસ અગત્યની સૂચનાઓ:</u>**

૧. **અંતર-વિભાગીય સંકલન (Convergence):** આ સાથે બિડેલ રાજ્ય કક્ષાના દૈનિક આયોજન/કેલેન્ડર મુજબ આરોગ્ય, પંચાયત અને ગ્રામ વિકાસ, શિક્ષણ, કૃષિ અને સહકાર, પાણી પુરવઠા (વાસ્મો), આદિજાતિ, માહિતી ખાતું વગેરે તમામ લાઈન ડિપાર્ટમેન્ટ્સે સંયુક્ત રીતે પોતાના વિભાગને સ્પર્શતી થીમ આધારિત પ્રવૃત્તિઓ (જેમ કે પોષણ શપથ, મારી થાળી પોષણની થાળી, પોષણ પંચાયત/ગ્રામસભા, પોષણ સંગમ, હેલ્થ કેમ્પ, રસીકરણ, WASH પ્રવૃત્તિઓ વગેરે) તાલુકા, સેજા અને આંગણવાડી/ગ્રામ્ય કક્ષા સુધી સુચારૂ રીતે હાથ ધરવાની રહેશે.

**: જન આંદોલન ડેશબોર્ડ (Jan Andolan Dashboard) પર દૈનિક ડેટા એન્ટ્રી :**

- દરેક વિભાગના સંબંધિત નોડલ અધિકારીશ્રીઓ/કર્મચારીઓએ પોષણ માહ દરમિયાન પોતાના વિભાગ દ્વારા થયેલ દૈનિક પ્રવૃત્તિઓની માહિતી રોજે-રોજ www.poshanabhiyaan.gov.in પોર્ટલ પર અપલોડ કરવાની રહેશે.
- પાછલી તારીખની એન્ટ્રી (Back-dated entry) માત્ર છેલ્લા 3 દિવસ સુધી જ કરી શકાશે.
- ડેશબોર્ડ પર ડેટા એન્ટ્રી કરવાની છેલ્લી તારીખ ૧૧ ઓક્ટોબર, ૨૦૨૬ (રાત્રે ૧૧:૫૯ વાગ્યા સુધી) રહેશે.
- સોશિયલ મીડિયા પર પ્રચાર-પ્રસાર માટે #PoshanMaah2026 હેશટેગનો ઉપયોગ કરવો અને @WCD ને ટેગ કરવાનું રહેશે.

આથી જિલ્લાના તમામ સંબંધિત લાઈન ડિપાર્ટમેન્ટના અધિકારીશ્રીઓ ને જણાવવામાં આવે છે કે આપેલ રાજ્ય કક્ષાની માર્ગદર્શિકા અને સૂચિત કેલેન્ડર અન્વયે તાલુકા અને ગ્રામ્ય સ્તર સુધી સુચારુ આયોજન કરી "૯ મા રાષ્ટ્રીય પોષણ માહ-૨૦૨૬" ને સફળ બનાવી 'સુપોષિત અને સ્વસ્થ ભારત' ના વિઝનને સાકાર કરવામાં આપના વિભાગ દ્વારા પણ સૂચવ્યા મુજબની પ્રવૃત્તિઓનું વિવિધ સ્તરે આયોજન થાય તે માટે આપની કક્ષાએથી સૂચના આપવા વિનંતી.

પ્રોગ્રામ ઓફિસર
આઇ.સી.ડી.એસ. શાખા
જિલ્લા પંચાયત વડોદરા

<u>બિડાણ:</u>

૧. કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રીનો પત્ર અને માર્ગદર્શિકા (Concept Note)

૨. દિવસ મુજબની સૂચિત પ્રવૃત્તિઓનું રાજ્ય કક્ષાનું કેલેન્ડર

<u>સવિનય નકલ રવાના જાણ અર્થે :</u>

જિલ્લા વિકાસ અધિકારીશ્રી, વોડોદરા

વિભાગીય નાયબ નિયામકશ્રી, વોડોદરા ઝોન

Scanned with CamScanner